Shri Govind Guru University, Godhra
(Established vide Gujarat Act No. 24/2015)
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/જોડાણ/૨૦૨૧-૨૨/૭૮૯૫ તા. ૨૧/૦૯/૨૦૨૧

# પરિપત્ર: ૨૫૩૨

વિષય: શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે નવા/ચાલુ/વધારાના/કાયમી જોડાણ માટે અરજી કરવા બાબત.

સંદર્ભ: ૧) ગુજરાત એક્ટ ૨૪/૨૦૧૫ ની જોગવાઈ નં ૪૦.
૨) યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૦૯ ફોર એફીલેશન ઓફ કોલેજીસ બાય ધ યુનિવર્સીટી

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી દ્વારા આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી વિજ્ઞાન, વાણીજ્ય, વિનયન, કાયદા, શિક્ષણ, હોમિયોપેથી, મેડીકલ-પેરા મેડીકલ, આર્કિટેક્ચર, ડીપ્લોમાં અને સર્ટીફીકેટ કોર્ષના વિવિધ અભ્યાસક્રમના નવા/ચાલુ/વધારાના/કાયમી જોડાણ જોડાણ અરજીઓ આમંત્રિત કરવાની રહે છે. આ યુનિવર્સિટી વિસ્તારના ૫ જીલ્લાઓ (પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર અને વડોદરા-ગ્રામ્ય) ખાતે આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી આપની સંસ્થા/કોલેજના આ યુનિવર્સીટી સાથે નવા/ચાલુ/વધારાના/કાયમી જોડાણ મેળવવા માટે ઓનલાઈન પદ્ધતિ દ્વારા જોડાણ વિષયક પ્રક્રિયા કરી શકશે.

યુનિવર્સિટી દ્વારા ઉપરોક્ત અભ્યાસક્રમના નવા/ચાલુ/વધારાના/કાયમી જોડાણ માટે affiliation.sggu.ac.in લીંક પર લોગીન કરી, જોડાણ અંગેનું અરજી પત્રક તેમજ જોડાણ વિષયક ફી ઓનલાઈન પોર્ટલ મારફત ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી કરવા માટે યુનિવર્સિટી વેબસાઈટ પર પોર્ટલ તા.૨૨/૯/૨૦૨૧ થી શરુ થશે.

| *ક્રમ* | *વિગત* | *તારીખ* |
|---|---|---|
| ૧ | રેગ્યુલર ફી સાથે અરજી કરવાની અંતિમ તારીખ | તા. ૩૧/૧૦/૨૦૨૧ |
| ૨ | રેગ્યુલર ફી + લેઇટ ફી સાથે અરજી કરવાની અંતિમ તારીખ | તા. ૩૦/૧૧/૨૦૨૧ |
| ૩ | રેગ્યુલર ફી + લેઇટ ફી + પેનલ્ટી ફી સાથે અરજી કરવાની અંતિમ તારીખ | તા. ૩૧/૧૨/૨૦૨૧ |

વધુમાં, આ યુનિવર્સિટીની એક્ઝીક્યુટીવ કાઉન્સિલના ઠરાવ અનુસાર ફક્ત ચાલુ જોડાણ ધરાવતી સંલગ્ન કોલેજો એક સાથે વધુમાં વધુ ૩ વર્ષ માટે ચાલુ જોડાણ અંગેની પ્રક્રિયા કરી શકશે. વધુમાં, ફક્ત ચાલુ જોડાણ ધરાવતી યુનિવર્સિટી સંલગ્ન કોલેજ ઓફલાઈન પદ્ધતિ મારફત પણ અરજીપત્રક અને સાધનિક દસ્તાવેજો સાથે કોલેજના લેટરહેડ પર યુનિવર્સિટી કાર્યાલય ખાતે અરજી કરી શકશે.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

નોંધ: યુનિવર્સિટી સંલગ્ન ચાલુ જોડાણ ધરાવતી કોલેજ દ્વારા ગત વર્ષ માં ૩ વર્ષ માટે જોડાણ વિષયક પ્રક્રિયા કરેલ હોય, તે કોલેજ/સંસ્થા દ્વારા આ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી શરુ થતી જોડાણ વિષયક પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે નહિ.